ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં કોર્ટ કેસના સમાધાન બાબતે

ઝઘડો થતાં જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં કોર્ટ કેસના સમાધાન બાબતે ઝગડો થતાં જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ તા.૬/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે પ:૩૦ વાગ્યાના સુમારે વાંકાનેર ગામમાં પી.એસ.સી.માં ડૉક્ટર તરીકે ફરજ બજાવતા ડૉ.કલ્પેશકુમાર રૂપસિંહભાઈ રેડુનના ધર્મપત્ની ભિલોડા તાલુકાના પાદરા ગામના રહેવાસી ડૉ.હિનાબેન વિનીતભાઈ નિનામાએ તેમના પતી, સાસુ, સસરા વિરૂધ્ધ કોર્ટમાં કેસ કરેલ છે ત્યારે આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે. કોર્ટમાં ચાલતા કેસ બાબતે સમાધાન કરવાના મુખ્ય મુદ્દા હેઠળ ડૉ. હિનાબેન નિનામા વાંકાનેર ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી ડૉ.કલ્પેશકુમાર રેડુનએ ડૉ.હિનાબેન નિનામાને બિભત્સ ગાળો બોલી ગળદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. આ બનાવ સંદર્ભે ભિલોડા તાલુકાના પાદરા ગામના રહેવાસી ડૉ.હિનાબેન નિનામાએ આરોપી કલ્પેશકુમાર રેડુન વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

'બેટી વધાવો' કાર્યક્રમ યોજી સામાજિક ચેતના જગાવતું બનાસકાંઠાનું સ્વામી વિવેકાનંદ મહિલા શક્તિ કેન્દ્ર

પાલનપુર, તા. ૧૬

સ્ત્રી પુરુષોનીવસતિની દૃષ્ટિએ અત્યંત નિરાશાજનક સામાજિક વિષમતાને નિર્મૂળ કરવાના સામાજિક સામાજિક ધ્યેય સાથે આજે બનાસકાંઠા જિલ્લા સ્વામી વિવેકાનંદ મહિલા શક્તિ કેન્દ્ર દ્વારા ડીસા સિવિલ હોસ્પિટલમાં નવજાત બાળકીને વધાવી લઇ બેટી બચાવો - બેટી વધાવોના અભિયાનને બળ પુરું પાડ્યું હતું.

આજે સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ નિમિત્તે યોજાયેલ રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ભાગ લઇ વિવેકાનંદ મહિલા - યુવા કેન્દ્રોના જિલ્લા અગ્રણીઓએ ડીસા સિવિલ હોસ્પિટલમાં પહોંચી જઇ નવજાત બાળકીને રૂમાલ ટોપી તેમજ નવજાત શિશુની માતાને પોષણયુક્ત સુકોમેવો, ટોપરું, સૂંઠ, ગોળ, ઘી અને અન્ય ચીજવસ્તુઓ પૂ. નિર્મલપુરીના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ પોષણયુક્ત ચીજવસ્તુઓ રામપુરા મઠ તરફથી સૌજન્યરૂપે અર્પણ કરાઇ હતી.

(તસવીર : હરેશ જોષી)

આ પ્રસંગે વિવેકાનંદ મંડળોના માર્ગદર્શક શ્રી ગણપતભાઈ જોષી, વિવેકાનંદ મહિલા કેન્દ્રના જિલ્લા ચેરમેન પૂ. નિર્મલપુરી, જિલ્લા મંત્રી કુ. મીતાબેન સોની, યુવા કેન્દ્રના જિલ્લા મંત્રી ગૌરંગ પાધ્યા, ડીસા મામલતદાર શ્રી ગઢવી, હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ શ્રી પરમાર, ડીસા તાલુકા વિવેકાનંદ કેન્દ્ર મંડળના પ્રમુખ અશોક દેસાઈ, ડીસા તાલુકા યુવા ભાજપ પ્રમુખ શ્રી અશોકભાઈ રાઠોડ, એડવોકેટ નિલમબેન બ્રહ્મભટ્ટ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હીમાં આજથી એક વર્ષ અગાઉ દિલ્હીમાં ગેંગરેપની ઘટના બનેલી તેમાં ભોગ બનેલ 'દામીની'નું કરુણ મૃત્યુ થયું હતું. તેને આજે દેશભરમાં ભોગ બનેલી દામીને શ્રદ્ધાંજલી અર્પવા ભાજપ મહિલા મોરચા દ્વારા શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા મહિલા મોરચાના અધ્યક્ષા કુસુમબેન, કુમુદબેન જોષી, હર્ષાબેન મહેશ્વરી, ભીખીબેન ઠાકોર વિગેરે મહિલા કાર્યકરો જોડાયા હતા. અ. મ્યુ. સદસ્યાની ગેરહાજરી અત્રે ચર્ચાની એરણે ચઢી હતી.

(તસવીર : હરેશ જોષી)

બનાસકાંઠા ભાજપ ઉદ્યોગ સેલના કન્વીનર, સહકન્વીનર નિમાયા

પાલનપુર, તા. ૧૬

ભારતીય જનતા પાર્ટી ઉદ્યોગ સેલના કન્વીનર કનુભાઈ વ્યાસ અને સહ કન્વીનર શૈલેષભાઈ પટેલ જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણની અનુમતીથી અને વિવિધ અગ્રણીઓ સાથે પરામર્શ કરી વિવિધ તાલુકાઓ તેમજ શહેર મંડલોના કન્વીનર-સહકન્વીનર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

મંડલનું નામ	કન્વીનરનું નામ	સહકન્વીનરનું નામ
અંબાજી શહેર	લુહાર જયંતિલાલ પ્રભુજી (અંબાજી)	શાસ્ત્રી સુનીલકુમાર શાંતીલાલ (અંબાજી)
દાંતા તાલુકો	મેવાડા અશ્વિનકુમાર મણીલાલ (ભેમાળ)	પટેલ રઘજીભાઈ વાલજીભાઈ (થાણા)
અમીરગઢ તાલુકો	અગ્રવાલ રાજેશકુમાર મદનલાલ (ઈકબાલગઢ)	પટેલ દિનેશભાઈ ખીમજીભાઈ (જુની સરોત્રી)
વડગામ તાલુકો	ઉપલાણા ફલજીભાઈ સરદારભાઈ (મગરવાડા)	ચૌધરી ડોસજીભાઈ મેઘરાજભાઈ (વણસોલ)
પાલનપુર તાલુકો	દોશી દિનેશભાઈ શાંતીલાલ (પાલનપુર)	પટેલ હસમુખભાઈ બાબુભાઈ (પાલનપુર)
પાલનપુર શહેર	પંચાલ હરેશભાઈ (પાલનપુર)	પટેલ કરશનભાઈ એલ. (ગણેશપુરા, પાલનપુર)
દાંતીવાડા તાલુકો	પટેલ ઉકાભાઈ જીવાભાઈ (સાંતરવાડા)	બોકા જીતેશકુમાર પરથીભાઈ (કેલાશપુરા)
ડીસા તાલુકો	ઠક્કર દર્શનકુમાર જયંતિલાલ (ડીસા)	વાયડા દાનસુંગભાઈ દેવરામભાઈ (સોયલા)
ડીસા શહેર	શાહ રાકેશકુમાર જયંતિલાલ (ડીસા)	ઠક્કર પંકજકુમાર લીલાધરભાઈ (ડીસા)
ધાનેરા તાલુકો	સુથાર જીવરાજભાઈ પ્રેમાભાઈ (સાંકડ)	ભુતડીયા રૂડાભાઈ ચોથાભાઈ (થાવર)
ધાનેરા શહેર	સુથાર જયંતિભાઈ લાખાભાઈ (ધાનેરા)	પંચાલ ઉમેદભાઈ ઈશ્વરભાઈ (ધાનેરા)
થરાદ શહેર	પંચાલ અશોકભાઈ હેમચંદભાઈ (થરાદ)	ગોરડીયા છગનલાલ કાજાભાઈ (થરાદ)
થરાદ તુલુકો	પટેલ અખાભાઈ રાયમલભાઈ (પડાદર)	લુહાર મનજીભાઈ પરસોત્તમભાઈ (ભાચર)
વાવ તાલુકો	બારોટ દિનેશભાઈ ઈશ્વરભાઈ (વાવ)	વજીર નાગજી ખેમાજી (માડકા)
સુઈગામ તાલુકો	સાધુ ગણપતભાઈ મગનીરામ (બોરૂ)	ચાવડા તેજાજી પી. (દુદોસણ)
ભાભર તાલુકો	ઠાકોર ઈશ્વરજી વાઘાજી (ભાભર)	ચૌધરી ભેમાભાઈ રત્નાભાઈ (ગોસણ)
ભાભર શહેર	આચાર્ય ભીખાલાલ ફુલચંદભાઈ (ભાભર)	ઠક્કર કનૈયાલાલ મણીલાલ (ભાભર)
દિયોદર તાલુકો	ચૌધરી વાઘજીભાઈ રામસુંગભાઈ (ઓઢા)	વાઘેલા મનોહરસિંહ વચનસિંહ (વાતમજુના)
લાખણી તાલુકો	પટેલ ગણેશભાઈ વનાજી (ગેળા)	ગોસ્વામી કિર્તીવન કૈલાસવન (વાસણા)
કાંકરેજ તાલુકો	ગજજર હરીભાઈ વાલાભાઈ (વાલપુરા)	પટેલ ઈશ્વરભાઈ પેથાભાઈ (રવિયાણા)
થરા શહેર	મેવાડા જીતુભાઈ દિનેશભાઈ (થરા)	પંચાલ આકાશકુમાર હરીભાઈ (થરા)

પ્રાંતિજની ચિત્રિણી નર્સિંગ કોલેજમાં વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૧૬

પ્રાંતિજ સ્થિત ચિત્રિણી નર્સિંગ કોલેજમાં એ.કે. પટેલ સ્કૂલ ઓફ નર્સિંગનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

આ વાર્ષિકોત્સવના અધ્યક્ષપદે પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા હાજર રહ્યા હતા. જયારે ગુજરાત નર્સિંગ કોલેજના રજિસ્ટ્રાર જસુબેન પાટીદાર, જિલ્લા આરોગ્ય અધિકારી એમ.જે. ફેન્સી, ડૉ. યશવંતભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય શાખાના ડૉ. અરુણસિંહ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. જયારે નર્સિંગના વિદ્યાર્થીઓને હાથમાં મીણબત્તીઓ લઈ જયોતિ કાર્યક્રમ અંતર્ગત સેવાઓના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું સફળ સંચાલન નુપાંશ પટેલે કર્યું હતું. જયારે આભારવિધિ એ.કે. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

ભિલોડાના દેરાસરમાં ચોરી

ભિલોડામાં આવેલ ચંદ્રપ્રભુજી દિગમ્બર જૈન બાવન જીનાલય મંદિરમાં ગત રોજ રાત્રીના સમયે તસ્કરો ત્રાટકયા હતા. મંદિરના ઉપરના ભાગની લોખંડની જાળી ખોલી સીડીથી અંદર જઈ ભંડારાની પેટી તોડી નાખી હતી. બાદમાં તેમાંથી આશરે રૂ. ૫ હજાર રોકડા તેમજ ભગવાન ચંદ્રપ્રભુજીની પંચધાતુની મૂર્તિ રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૧૫ હજારની ચોરી કરી લઈ ગયા હતા.

સાબરકાંઠામાં બે માર્ગ અકસ્માતમાં બે ના કરૂણ મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના વકતાપુર પાસે માર્ગ પર રવિવારે રાત્રિના સમયે અજાણ્યા વાહને બાઈકને ટકકર મારી હતી. જેમાં ઈલોલ ગામના દરબારગઢમાં રહેતા બાઈક ચાલક સૂરજમલસિંહ સોલંકી (ઉ.વ.૨૦)ને ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ મોત નિપજયું હતું. જયારે બીજો અકસ્માત હિંમતનગરના રાયગઢ ગામના પાસે અજાણ્યા વાહને એક રાહદારી મુકેશભાઈ વાઘેલા (ઉ.વ.૫૫)ને ટકકર મારી હતી. જેમાં ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ બંને અકસ્માતમાં વાહન ચાલકો ટકકર મારી નાસી છૂટયા હતા. જયારે હિંમતનગર ગ્રામ્ય અને ગાંભોઈ પોલીસ મથકે અલગ અલગ ગુના નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરાઈ છે.

ડીસામાં વાહન ટોઈંગ કાર્યવાહી અમલી ૨૦થી વધુ વાહનો સામે દંડનીય કાર્યવાહી

ડીસા, તા. ૧૬

ડીસામાં ટ્રાફિક સમસ્યા પેચીદી અને માથાના દુઃખાવા સમાન છે તો વળી, કાયદો અને વ્યવસ્થાના લીરા ઉડાડતાં કેટલાક ઈસમો એજયુકેટેડ અને અગ્રગણ્ય શહેરીજનો ઉપરાંત પોતાને કોણ કહી શકે તેવા ગુમાનમાં રાચતાં કેટલાક વાહનચાલકો અન્યની સમસ્યાનો વિચાર કર્યા વિના ગમે ત્યાં રોડ પર વાહન પાર્ક કરીને સમસ્યા ઉભી કરીને રસ્તા અવરોધતા ટ્રાફિક સમસ્યા સર્જાય છે. ત્યારે આ સમસ્યાના ઉકેલમાં આજથી ડીસામાં ટોઈંગ કાર્યવાહી અમલી બનેલ છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આ અંગેની માહિતી જોઈએ તો વિકસિત એવા વેપારી મથક ડીસામાં આજથી નડતર રૂપ વાહનોથી સર્જાતી ટ્રાફિક સમસ્યાનાં ઉકેલ માટે ટોઈંગ પદ્ધતિ અમલી બનાવાઈ છે. વેપારી મથક ડીસામાં ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા રૂપ બાબત છે કેમ કે ડિસા પાલિકા તંત્રએ પણ શરૂઆતથી જ શહેરમાં બનતી બિલ્ડીંગમાં પાર્કીંગની સુવિધા ઉપલબ્ધ ન હોય અથવા તો નકશામાં પાર્કીંગ બતાવીને તે સ્થળે બાંધકામ કરી દીધુ હોય અથવા તો શોપીંગ સેન્ટરમાં દુકાનોના પ્રમાણમાં પાર્કીંગ વ્યવસ્થા ન હોવા છતાં પણ તેવા બાંધકામો સામે પગલાં લેવામાં નરમાઈ દાખવી હોવાને કારણે શહેરમાં ઠેર ઠેર ટ્રાફીક સમસ્યાઓ મુશ્કેલી ઉપસ્થિત કરી દીધી છે. જેમાં ગાયત્રી મંદિર પાસેનાં ડૉક્ટર હાઉસ વિસ્તારમાં તો સૌથી વધુ મુશ્કેલી જોવા મળે છે તો વળી, રાહદારીઓ માટે બનાવેલા રોડ પર ખાનગી વાહનો અડ્ડો જમાવી બેઠા છે જો કે હવે આ સમસ્યા ટોઈંગની કડક કાર્યવાહી દૂર થશે તેવું પોલીસ જણાવી રહી છે જેમાં આજરોજ પોલીસે ટોઈંગની કડકાઈએ કાર્યવાહી હાથ ધરી ૨૦થી વધુ ટુ વ્હીલરો જપ્ત કરી દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરેલ છે જેનાથી બેફીકરા વાહનચાલકોમાં દોડધામ મચેલ છે જ્યારે બીજી તરફ ડીસા સીટી પીઆઈ. કે.ડી. નકુમે ડીસામાં જાહેર રસ્તા અવરોધાય અને મુખ્ય રસ્તા આજુબાજુનાં તથા રોડના ખુણા ઉપર અડચણ બને તે રીતે વાહન પાર્કીંગ નહિ કરવા માટે અપીલ કરી છે. જો કોઈ આ રીતે આ વાહન પાર્ક કરશે તો તેની સામે પગલાં ભરી દંડ વસૂલાશે તેવું જણાવ્યું હતું.

ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામ પાસેથી ૮૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરેલો ટેમ્પો ઝડપાયો

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામ પાસેથી ૮૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરેલો ટેમ્પો ઝડપાયો.રૂા.૫,૨૦,૦૦૦/-નો કુલ મુદ્દામાલ વન વિભાગના અધિકારીઓ ધ્વારા જપ્ત કરાયો છે. લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા વેપારી આલમમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા આર. એફ. ઓ. વનરાજસિંહજી આર.ચૌહાણને બાતમી મળતાં ભિલોડાથી વિજયનગરના ધોરીમાર્ગ ઉપર આવેલા ટાકાટુકા ગામના શ્રી નાગણેશ્વરી માતાજી મંદીર પાસે વન વિભાગના અધિકારીઓ મારફતે નાકાબંધી રાત્રે૯:૩૦ વાગ્યાના સુમારે કરાતા સિલાદ્રી ગામ પાસેથી આંબા અને નીલગીરીના વૃક્ષોનું નિકર્દન કાઢી કોન્ટ્રાકટર/વેપારી માનસિંઘભાઈ વીહાભાઈ ઓડ, રહેવાસી-ભિલોડા, ટેમ્પો ડ્રાઈવર શાંમળભાઈ સરતાનભાઈ ઓડ, રહેવાસી-ચાંદરણી, તા.હિંમતનગર સહિત બે મજુરો ટેમ્પો નંબર. જી.જે. ૯. ઝેડ.૭૦૦૪માં અંદાજીત ૮૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરી કાયદાની ઐસી-તેસી કરી બિન્દાસ્ત અમદાવાદ લીલા લાકડાં વેચવા માટે લઈ જતા હતા. ભિલોડા વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ૮૦ ક્વિન્ટલ લીલા લાકડાંની અંદાજીત કિંમત રૂા. ૨૦,૦૦૦/-અને ટેમ્પાની અંદાજીત કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૫,૨૦,૦૦૦/-નો ઝડપાયો છે. ભિલોડા વન વિભાગના અધિકારીઓ ધ્વારા લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા ઈસમો, ૮૦ક્વિન્ટલ લીલા લાકડાં, ટેમ્પો ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શિયાળાની ફુલગુલાબી ઠંડીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં બળતણ માટે વપરાતા લાકડાંની માંગ વધુ હોવાના કારણે બે નંબરીયા વેપારીઓ લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. વન વિભાગના અધિકારીઓ ધ્વારા પેટ્રોલીંગ કરવામાં આવે તો લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા બે નંબરીયા વેપારીઓ ઝડપાઈ શકે તેમ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ગ્રામ્યવિસ્તારોમાં આવેલા અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાંથી લીલા વૃક્ષોનું નીકર્દન કાઢી બે નંબરીયા વેપારીઓ બેરોકટોક કાયદાની ઐસી-તેસી કરી લાખ્ખો રૂપિયાની કમાણી કરી લેતા હોવાનું લોકમુખે ચર્ચાય છે. લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી લીલાં લાકડાં વેચવાનો ધીકતો ધંધો દિન-પ્રતિ-દિન ફુલી ફાલી રહ્યો છે.

ભિલોડા તાલુકાના જાયલા પાસે જીપ અને કાર ટકરાતા બે વ્યક્તિને ગંભીર ઈજાઓ

ભિલોડા, તા.૧૬

ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલા ભિલોડા તાલુકાના જાયલા એસ.ટી.બસ પીક અપ સ્ટેન્ડ પાસે જીપ અને કાર ટકરાતા બે વ્યક્તિઓના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચાડી જીપ ચાલક ઘટનાસ્થળે જીપ મુકી પલાયન થઈ ગયો હતો.

પોલીસ સુત્રો પ્રાપ્ત માહિતી મુજબ જાયલા ગામના એસ.ટી.બસ પીક સ્ટેન્ડ પાસે મહિન્દ્રા મેક્સ જીપ નંબર.જી.જે.૭.એજી.૮૨૨૫ ના ચાલકે પોતાના કબજાની જીપ પુરપાટ ઝડપે ગફલતભરી રીતે બેદરકારી પુર્વક માંતેલા સાંઢની માફક હંકારતા મારૂતી કાર નંબર.જી.જે.૯. બીએ.૪૭૩૩ ને ધડાકાભેર ટક્કર મારતા મારૂતી કારની અંદર બેઠેલા રમીલાબેન તેમજ શંકરભાઈ ના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચાડી જીપ ચાલક ઘટના સ્થળ ઉપર મહિન્દ્રા મેક્સ જીપ મુકી પલાયન થઈ ગયો હતો. વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના જસવંતલાલ કુબેરજી પટેલએ આ અકસ્માત બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં જીપ ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરેલ છે.

હિંમતનગરમાંથી કતલખાને જતા ૪ પશુને બચાવાયા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના મોતીપુરા સર્કલ પાસેથી રવિવારે વહેલી સવારે જીપડાલા કતલખાને લઈ જવાઈ રહેલ ૪ પશુઓને ગૌરરક્ષકો બચાવી લઈને તેના વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

વિગત એવી છે કે ગૌરક્ષકો બંટીભાઈ મહેતા, સોકાભાઈ દેસાઈને મળેલ બાતમી આધારે રવિ પટેલ, ટીનાભાઈ રબારી, રાજુ દેસાઈ રવિવારે વહેલી સવારે ૫ વાગેના સુમારે હિંમતનગરના મોતીપુરામાં નેશનલ હાઈવે રોડ પર સર્કલ પાસે વોચ કરી રહ્યા હતા. દરમિયાન મોડાસા તરફથી જીપડાલા નંબર-જીજે.૯.ઝેડ.૨૦૦૪માં પશુઓ ભરીને કતલખાને જઈ રહેલ હતી ત્યારે જીપચાલક અને અન્ય એક બંને જણા ગૌરક્ષકોને જોઈ જતા જીપ ડાલું મૂકી નાસી ગયા હતા. ત્યાર બાદ જીપ ડાલામાંથી મરણતોલ હાલતમાં બાંધેલ ૪ ભેંસોને બચાવી લઈને ઈડર પાંજરાપોળમાં મૂકી આવ્યા હતા અને હિંમતનગર ટાઉન પોલીસમથકે જીપડાલા ચાલક વિરુદ્ધ ગૌરક્ષક રાજુ દેસાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે જીપ ડાલુ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હરસોલ પાસે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ૧ નું મોત : ૭ને ઈજા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ ગામ નજીક શનિવારે રાત્રીના સમયે જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત નીપજ્યું હતું. જયારે સાતને ઈજાઓ થવા પામી હતી. બનાવ અંગે તલોદ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. વિગત મુજબ શનિવારે રાત્રીના ૮.૩૦ વાગેના સુમારે હરસોલ પાસે આવેલ ખોડીયાર હોટલ આગળ રોડ પર ટ્રક નંબર-જીજે૯-વી-૫૭૪૩ અને જીપ નંબર જીજે-૯-એજી-૨૬૬૧ વચ્ચે સામસામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં જીપમાં બેઠેલ ચાલક સહીત આઠ પૈકી એક મુસાફર ૩૦ વર્ષીય અરવિંદભાઈ સુખાભાઈ ખાંટનું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું. જયારે સાત ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર માટે તલોદ સરકારી દવાખાને ખસેડાયા હતા. બનાવ અંગે તલોદ પોલીસમથકે મેઘરજ તાલુકાના હીરાટીંબા ગામના કાલીદાસ ગેમાભાઈ મેડાએ ટ્રકચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એકસકલુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન